For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વાંગચૂક અને CJPના સમર્થનમાં કલેક્ટર કચેરીમાં સૂત્રોચ્ચાર અને પ્લેકાર્ડ સાથે દેખાવ

સુરતનું GEN Z પ્રથમવાર રસ્તા પર



કલેક્ટર કચેરી

વેસુ

ઇન્કલાબ જિંદાબાદ, પહેલે લડે થે ગોરો સે અબ લડેંગે ચોરો સે જેવા નારા લાગ્યા

તબીબો, વિદ્યાર્થી અને યુવાનોનો શિક્ષણ વ્યવસ્થા અને લોકશાહી મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ

સુરત: લદ્દાખના જાણીતા પર્યાવરણવાદી અને શિક્ષણવિદ સોનમ વાંગચુકના સમર્થનમાં સુરત કલેક્ટર કચેરી ખાતે વિવિધ ક્ષેત્રના નાગરિકોએ એકત્રિત થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

...અનુસંધાન પાના 13 પર

અનોખી વિરોધ શૈલીએ ખેંચ્યું સૌનું ધ્યાન

વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થાનિક નાગરિક પરેશભાઈ મહાલે ફાટેલા કપડાં પહેરી, હાથમાં ભારતીય સંવિધાનની નકલ રાખી અને 'CJP' લખેલું ટી-શર્ટ પહેરી અનોખી રીતે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમની આ પ્રતિકાત્મક રજૂઆતે સ્થળ પર હાજર લોકો અને મીડિયાનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. પરેશભાઈએ જણાવ્યું હતું કે તેમનો આ વિરોધ સામાન્ય નાગરિકોની સ્થિતિ અને વર્તમાન વ્યવસ્થાને લઈને પ્રતિકાત્મક સંદેશ આપવાનો પ્રયાસ છે. પ્રદર્શન દરમિયાન અનેક લોકોએ સંવિધાનના મૂલ્યો, અભિવ્યક્તિની સ્વતંત્રતા અને લોકશાહી અધિકારોના સંરક્ષણની પણ માંગ કરી હતી.

'આ રાજકીય નહીં, યુવાનોના ભવિષ્યનો પ્રશ્ન છે'

પ્રદર્શન દરમિયાન ઉપસ્થિત વિદ્યાર્થીઓએ સ્પષ્ટ કર્યું કે આ વિરોધ કોઈ રાજકીય પક્ષ કે વિચારધારા માટે નહીં પરંતુ વિદ્યાર્થીઓના હિત માટે છે. તેમનું કહેવું હતું કે પરીક્ષાઓમાં ગેરરીતિઓ, પેપર લીક અને નીતિગત ગૂંચવણોનો સીધો પ્રભાવ લાખો યુવાનોના ભવિષ્ય પર પડે છે. વિદ્યાર્થીઓએ સરકાર સમક્ષ માગ કરી હતી કે પરીક્ષા પ્રણાલીને વધુ પારદર્શક, વિશ્વસનીય અને જવાબદાર બનાવવામાં આવે જેથી વર્ષો સુધી મહેનત કરનારા વિદ્યાર્થીઓને અન્યાયનો ભોગ બનવું ન પડે.

સાંજે છ વાગ્યે વેસુમાં રસ્તો રોકનાર યુવક-યુવતીઓની ધરપકડ

દિલ્હીના જંતરમંતરમાં પણ આંદોલનકારી ખસી ગયા છે અને સુરતમાં કલેક્ટર કચેરી ખાતે દેખાવ થયા બાદ વિદ્યાર્થીઓ શાંત થઇ જશે તેમ લાગતું હતું પરંતુ મોડી સાંજે વેસુ વિસ્તારમાં નવો મોરચો ખુલ્યો હતો. અહીં વિદ્યાર્થીઓ અને યુવાનોએ દેખાવો અને સૂત્રોચ્ચાર શરૂ કર્યાં હતાં. અહીં દેખાવ કરી રહેલા 'જેન ઝી'ની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

ધોધમાર વરસાદે નવસારી જિલ્લાને જળબંબાકાર કર્યો

8 ઇંચ વરસાદ પડતાં જલાલપોરની દુકાનો પાણીમાં ગરકાવ થઈ ગઈ

ભારે વરસાદને પગલે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું

અનેક માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહારને અસર પહોંચી

નવસારીમાં શાંતાદેવી રોડ, ગ્રીડ રોડ સહિતના માર્ગો પર પાણી ભરાયેલા રહ્યા

ચીખલી તાલુકાની નદીઓમાં પૂરની સ્થિતિ



નવસારી: નવસારી જિલ્લામાં ચોમાસાની બીજી વરસાદી સિસ્ટમે જોરદાર અસર બતાવતા છેલ્લા 24 કલાક દરમિયાન અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ

...અનુસંધાન પાના 13 પર

24 કલાકનો વરસાદ

જલાલપોર	8 ઇંચ
નવસારી	6.25 ઇંચ
પારડી	5.35 ઇંચ
વલસાડ	4.76 ઇંચ
ગણદેવી	4
ખેરગામ	4
ચીખલી	4
ઉમરગામ	3.82 ઇંચ
વાપી	2.91 ઇંચ

જિલ્લામાં મેઘમહેર યથાવત મહુવા અને પલસાણામાં સૌથી વધુ વરસાદ

હવામાન વિભાગની અઠવાડિયા સુધી વરસાદની આગાહી વચ્ચે શહેર-જિલ્લામાં ઉકળાટ વધ્યો, તાપમાનમાં ઘટાડો નોંધાયો

સુરત: હવામાન વિભાગ દ્વારા આગામી અઠવાડિયા સુધી દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ આગાહી વચ્ચે રવિવારથી સોમવાર સુધીના છેલ્લા 24 કલાક દરમિયાન સુરત શહેર અને જિલ્લાના લગભગ તમામ તાલુકાઓમાં વરસાદ નોંધાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સતત વરસાદને કારણે મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો છે.

જિલ્લામાં સૌથી વધુ 97 મીમી વરસાદ મહુવા તાલુકામાં નોંધાયો હતો. ત્યારબાદ પલસાણામાં 84 મીમી અને ઉમરપાડામાં 78 મીમી વરસાદ વરસ્યો હતો. બારડોલીમાં 55 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે કામરેજ અને સુરત શહેરમાં 20-20 મીમી, માંગરોળમાં 18 મીમી, ઓલપાડ, માંડવી, અંબિકા ખાતે 15-15 મીમી, અરેઠમાં 11 મીમી અને ચોર્યાસીમાં 7 મીમી વરસાદ નોંધાયો હતો. સતત વરસાદના કારણે શહેર અને

...અનુસંધાન પાના 13 પર

સુરતના વેડ દરવાજાના નાસીરનગરના વિવાદી ડિમોલિશન પ્રકરણમાં

હાઈકોર્ટ લાલઘૂમ, પ્રથમદર્શી પુરાવા છતાં મ્યુનિ. કમિ. હજુ હોદ્દા પર કેમ?

હાઈકોર્ટ રાજ્ય સરકાર અને સુરત મનપાની કડક ઝાટકણી કાઢી

'150 પરિવારોને રસ્તા પર લાવી દીધા, હવે કોને બચાવો છો?', 'શું આ દેશમાં કાયદો નથી?'

'હાઈકોર્ટની આંખમાં ધૂળ નાંખવાનો પ્રયાસ નહીં કરો', 'જેના આદેશથી ડિમોલિશન થયું, તે જ તપાસ કરાવશે?'

અમદાવાદ: સુરતના નાસીરનગરમાં 150થી વધુ મકાનોના કથિત ગેરકાયદે ડિમોલીશન મામલે ગુજરાત હાઈકોર્ટ રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકાને સોમવારે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતાં સમગ્ર કાર્યવાહી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. જસ્ટીસ નિખિલ કરિયેલે સ્પષ્ટ ટકોર કરી હતી કે નાના અધિકારીઓને સસ્પેન્ડ કરીને સરકાર હાઈકોર્ટની આંખમાં ધૂળ નાંખવાનો પ્રયાસ ન કરે. મ્યુનિસિપલ કમિશનર સામે

...અનુસંધાન પાના 13 પર

પુનર્વસનનો ખર્ચ અધિકારીઓ પાસે વસૂલવો જોઈએ: હાઈકોર્ટ

નાસીરનગરના અસરગ્રસ્તોના પુનર્વસન મુદ્દે પણ હાઈકોર્ટે સરકારને આકરા શબ્દોમાં સંભળાવ્યું હતું. કોર્ટે કહ્યું કે, આ લોકોને માત્ર દબાણકાર કહીને છોડી શકાય નહીં. જો ગેરકાયદે રીતે ઘરો તોડી પાડવામાં આવ્યા હોય તો પુનર્વસનની જવાબદારી સરકારની છે. પરંતુ તેનો ખર્ચ રાજ્ય કે કરદાતાઓ પર નહીં, આ કાર્યવાહી માટે જવાબદાર અધિકારીઓ અને દોષિતો પાસેથી વસૂલ થવો જોઈએ. કોર્ટે કોર્પોરેશનની એ દલીલ પર પણ સવાલો ઉઠાવ્યા કે એફએસઆઈ લાભ બદલ ખાનગી માલિકે જમીન સોંપી હોવાથી કોર્પોરેશનને કાર્યવાહી કરવાનો અધિકાર હતો. કોર્ટે પૂછ્યું કે, જો જમીન ખાનગી હતી તો મ્યુનિસિપલ કમિશનરને તેમાં રસ શા માટે હતો? ખાનગી વ્યક્તિના હિતમાં કોર્પોરેશને કાર્યવાહી કરી હોવાનો પ્રથમદર્શી આભાસ થાય છે.

હાઈકોર્ટની ફટકારથી 51 દિવસે સરકારે નાસીરનગર ડિમોલિશનની તપાસ સમિતિ રચી

સુરત : સુરતના વિવાદી નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં હાઈકોર્ટના કડક વલણ બાદ રાજ્ય સરકારે સમગ્ર ઘટનાની તલસ્પર્શી તપાસ માટે 51 દિવસ બાદ છેક હવે ઉચ્ચસ્તરીય તપાસ સમિતિની રચના કરી છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આ અંગે સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યા છે.

સરકારી આદેશમાં જણાવાયું છે કે, નાસીરનગર ડિમોલિશન મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલી વિવિધ સ્પેશિયલ સિવિલ અરજીઓની સુનાવણી દરમિયાન સમગ્ર ઘટનાની સ્વતંત્ર તપાસ માટે ઉચ્ચ અધિકારીઓની સમિતિ રચવાની જરૂરિયાત ઉભી થઈ હતી. તે અનુસંધાને સરકારે બે સભ્યોની ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી છે. સમિતિના અધ્યક્ષ તરીકે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ એમ. થેન્નારસનની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે હાઉસિંગ વિભાગના સચિવ રાજકુમાર બેનીવાલને સભ્ય બનાવવામાં આવ્યા છે. સરકારી ઠરાવ મુજબ સમિતિ સમગ્ર ઘટનાની તલસ્પર્શી તપાસ કરીને 60 દિવસમાં રાજ્ય સરકારને વિગતવાર અહેવાલ રજૂ કરશે. તપાસ દરમિયાન સમિતિના અધ્યક્ષને જરૂરી લાગે તો અન્ય અધિકારીઓ અથવા કર્મચારીઓને પણ આમંત્રિત સભ્ય તરીકે સામેલ કરવાની સત્તા આપવામાં આવી છે.

હાઈકોર્ટે સસ્પેન્ડેડ સુજલ પ્રજાપતિએ રજૂ કરેલા મ્યુનિ.કમિ.ના વોટ્સએપ મેસેજનો ખાસ ઉલ્લેખ કરી સવાલો કર્યા

કોર્ટે ખાસ કરીને સસ્પેન્ડ કરાયેલા એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુજલ પ્રજાપતિના એફિડેવિટનો ઉલ્લેખ કર્યો હતો. પ્રજાપતિએ હાઈકોર્ટમાં સોગંદનામા સાથે જણાવ્યું છે કે ડિમોલીશનની કાર્યવાહી મ્યુનિસિપલ કમિશનરના નિર્દેશથી કરવામાં આવી હતી. કોર્ટ સમક્ષ રજૂ થયેલા વોટ્સએપ મેસેજનો ઉલ્લેખ કરતાં બેન્ચે નોંધ્યું કે કમિશનરે પોતાના એફિડેવિટમાં એ વાતનો ઇનકાર કર્યો નથી કે મેસેજ તેમના મોબાઇલ નંબર પરથી જ મોકલાયો હતો. તેમણે

...અનુસંધાન પાના 13 પર

એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ ઘટનાસ્થળે કઈ સત્તાના આધારે હાજર હતા?

હાઈકોર્ટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલી તપાસ સમિતિ પર પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટે જણાવ્યું હતું કે, આ કોઈ પ્રાથમિક કે વિભાગીય તપાસ નથી, માત્ર હકીકત શોધવાની કવાયત છે. સમિતિના કાર્યક્ષેત્રમાં કોની જવાબદારી નક્કી કરવાની છે તે પણ સ્પષ્ટ નથી. આવી તપાસને કોર્ટ માત્ર 'આંખમાં ધૂળ નાંખવાનો પ્રયાસ' તરીકે જ જોઈ રહી છે. સુનાવણી દરમિયાન જસ્ટીસ કરિયેલે સુરત પોલીસની કામગીરી પર પણ અસંતોષ વ્યક્ત

...અનુસંધાન પાના 13 પર

અરજદારોની માંગ માત્ર પુનર્વસનની જ નથી પરંતુ જવાબદારી સામે કાર્યવાહી કરવાની પણ છે: હાઈકોર્ટ

રાજ્ય સરકાર તરફથી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ કોર્ટને જણાવ્યું હતું કે ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે અને તેની કાર્યસૂચિમાં જરૂરી ફેરફાર કરવામાં આવશે. ઉપરાંત નાસીરનગરના પાત્ર પરિવારોના પુનર્વસન માટે 120 ફ્લેટ ઉપલબ્ધ હોવાનું પણ કોર્ટને જણાવાયું હતું. જોકે હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે અરજદારોની મુખ્ય માંગ માત્ર પુનર્વસનની નહીં પરંતુ સમગ્ર ઘટનામાં જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની પણ છે.

કેનેરા બેંકના લોકરમાંથી રૂપિયા ૪૫ લાખના સોનાના બિસ્કીટ બદલાઈ ગયાં

વેસુના વેપારીએ લોકર ખોલી દાગીના ઘરે લઈ જઈ ચકાસણી કરતાં મોટો ઘડાકો

૧૦૦ ગ્રામના સોનાનાં 3 બિસ્કીટને બદલે 3% સોનું ધરાવતા ડુપ્લિકેટ બિસ્કીટ મળ્યાં

સુરત : પોશ ગણાતા વેસુ વિસ્તારમાં રહેતા અને દવાનું ઉત્પાદન કરતા અગ્રણી વેપારીના બેંક લોકરમાંથી અસલ સોનાના બિસ્કીટ બદલાઈ જવાની અને તેના સ્થાને ડુપ્લિકેટ બિસ્કીટ મુકાઈ ગયા હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. આશરે રૂપિયા ૪૫ લાખની કિંમત ધરાવતા ૩૦૦ ગ્રામ સોનાના બિસ્કીટ બદલાઈ જતાં વેપારીએ અસલ સોનાના બિસ્કીટની ચોરી અંગે અઠવાલાઈન્સ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

વેસુ ખાતે આવેલા રીટ્રીટ હાઈટ્સમાં રહેતા અને મેકોઈ ડ્રગ્સ નામે ફાર્મા ફેક્ટરી ચલાવતા રીનમ નલીન શાહ (ઉ.વ. ૫૩) કેનેરા બેંકની નાનપુરા શાખામાં લોકર નં. ૧૮૧ ધરાવે છે. આ લોકર તેઓ અને તેમના પત્ની દીપાબેન ઓપરેટ કરે છે. દીપાબેનને ૧૯૯૪માં લગ્ન સમયે સ્ત્રીધન તરીકે સાસરી પક્ષ તરફથી સોનાના ચાર બિસ્કીટ મળ્યા હતા, જેમાંથી ૧૦૦-૧૦૦ ગ્રામના હોલમાર્કવાળા સોનાના બિસ્કીટ બેંકના લોકરમાં રાખવામાં આવ્યા હતા. ગત તા. ૧૮/૦૨/૨૦૨૬ના રોજ બપોરે રીનભાઈ અને તેમના

...અનુસંધાન પાના 13 પર

CNGના ભાવમાં પ્રતિ કિલો 2 રૂપિયાનો વધારો ઝીંકી દેવાયો

દોઢ મહિનામાં બીજી વખત ભાવવધારો, નવો ભાવ પ્રતિ કિલો રૂ. 85.01

દક્ષિણ ગુજરાતના 4.21 લાખ CNG વાહન માલિકોને અસર

સુરત: ગુજરાત ગેસ (નવું નામ ગુજરાત એનર્જી લિમિટેડ)એ સુરત સહિત ગુજરાત રાજ્યમાં કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG)ના રિટેલ વેચાણ ભાવમાં વધારો જાહેર કરી કિલો દીઠ CNG ગેસના ભાવમાં 2 રૂપિયાનો વધારો જાહેર કર્યો છે. કંપનીએ ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઇઝરાયલના યુદ્ધને લીધે મિડલ ઈસ્ટમાં ઊભી થયેલી સ્થિતિને પગલે સર્જાયેલી એનર્જી કટોકટીને લીધે આ ભાવ વધારો કરવો પડતો છે. CNG ના ભાવો આંતરરાષ્ટ્રીય માર્કેટમાં વધતા કંપનીએ આ ભાવ વધારો કર્યો છે.

તા.16/05/2026 ના રોજ કિલો દીઠ ગેસના ભાવમાં થયેલા વધારા પછીનો ભાવ 83.01 રૂપિયા જાહેર થયો હતો. એ પછી આજે કંપનીએ કિલો એ 2 રૂપિયાનો ભાવ વધારો 20 જુલાઈથી અમલમાં આવે એ રીતે નવો ભાવ 85.01 રૂપિયા જાહેર કર્યો છે.

કંપની દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ નવા ભાવ 20 જુલાઈ, 2026ના રોજ મધરાતે 12 વાગ્યાથી અમલમાં આવ્યા છે.

નવા ભાવ મુજબ ગુજરાતમાં હવે CNGનો રિટેલ વેચાણ ભાવ 85.01 રૂપિયા પ્રતિ કિલો રહેશે. જ્યારે દાદરા અને નગર હવેલી (કેન્દ્રશાસિત પ્રદેશ) માં ભાવ રૂ.85.91 પ્રતિ કિલો નક્કી કરવામાં આવ્યો છે.

નવા ભાવ અમલમાં આવતા ખાનગી વાહનચાલકો, ટેક્સી, ઓટોરિક્ષા તેમજ CNG આધારિત કોમર્શિયલ વાહનોના દૈનિક ઈંધણ ખર્ચ પર તેની સીધી અસર જોવા મળશે.

ગુજરાત ગેસ કંપનીએ કિલો દીઠ એક રૂપિયા ભાવ વધારતા કારમી મોંઘવારીમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના 4.21 લાખ CNG વાહન માલિકોને આ ભાવ વધારાની અસર થશે. 1લી માર્ચ 2023નાં રોજ "ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન (FGPDA) એ જાહેર કરેલા આંકડાઓ મુજબ, રાજ્યમાં CNG પર ચાલતા સાર્વજનિક પરિવહન બસો અને માલસામાનની ગાડીઓ જેવા કોમર્શિયલ વાહનો મળી લગભગ 12 લાખ CNG વાહનો છે.જેમાં 4 લાખ CNG ઓટોરિક્ષા અને લગભગ 6 લાખ ફોર-વ્હીલરનો સમાવેશ થાય છે.

મેટ્રોએ ભીમરાડમાં ખાડીનું વહેણ રોક્યું

ખાડીમાં મુકાયેલાં મટિરિયલ્સ અને બેરિકેડ્સ હટાવવાની કાર્યવાહી શરૂ

કમિશનરના રાત્રિ નિરીક્ષણ બાદ વલણ વધુ કડક, GMRCને નોટીસ અપાશે

સુરત : સુરતના ભીમરાડ વિસ્તારમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ હેઠળ ચાલી રહેલા ઓવરહેડ લાઇનના કામના કારણે ખાડીના કુદરતી વહેણમાં અવરોધ ઉભો થતો હોવાનું ધ્યાનમાં આવતા સુરત મહાનગરપાલિકા તંત્રએ મેટ્રો રેલ કોર્પોરેશન સામે કડક વલણ અપનાવ્યું છે. ખાડીમાં રાખવામાં આવેલા મેટ્રોના મટીરિયલ્સ, બેરિકેડ્સ અને અન્ય સામગ્રીના કારણે વરસાદી પાણીનો પ્રવાહ અટકી રહ્યો હોવાનું જણાતા તેને તાત્કાલિક દૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

અઠવા ઝોનના વડા ડેપ્યુટી કમિશનર ધર્મેશ મિસ્ત્રીના ધ્યાને

...અનુસંધાન પાના 13 પર

કતલખાનામાંથી પશુઓનાં હાડકાં, મટન વેસ્ટ ખાડીમાં ઠલવાતો હોવાની ફરિયાદ

બેઠક દરમિયાન કમેલા દરવાજા આસપાસ આવેલા કતલખાનાઓમાંથી નીકળતો પશુઓના કતલનો વેસ્ટ અને અન્ય જૈવિક કચરો ખાડીઓમાં ઠાલવવામાં આવતો હોવાની ગંભીર ફરિયાદ પણ ઉઠી હતી. ખાડીઓમાં આ પ્રકારનો કચરો ઠાલવાતા પાણીના કુદરતી પ્રવાહમાં અવરોધ ઉભો થવાની સાથે પ્રદૂષણની સમસ્યા પણ વિકરાળ બનતી હોવાનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ મુદ્દે મનપા તંત્રે ગંભીર નોંધ લઈ સંબંધિત વિભાગોને કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. ગેરકાયદે રીતે ખાડીઓમાં પશુ કતલનો વેસ્ટ કે અન્ય કચરો ઠાલવનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવાની સાથે નિયમિત ચેકિંગ અભિયાન ચલાવવાની પણ તૈયારી દર્શાવવામાં આવી હતી.

અનુરાગ કશ્યપ સામે ધરપકડ વોરંટ

ફરિયાદ પક્ષે સમન્સ અંગેની ઈ-મેઈલ સર્વિસ એફિડેવિટ રજૂ કરાઈ

સુરત: બ્રાહ્મણ સમાજ પર કરેલી ટિપ્પણી કેસમાં ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપ સામે આજે કોર્ટે જામીનપાત્ર ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યું હતું. તા.૧૬.૦૪.૨૦૨૫ ના રોજ ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપએ સોશિયલ મીડિયા ઉપર સમગ્ર

...અનુસંધાન પાના 13 પર

ખેતરના 40 હજારના ઊભા જુવારના પાકને ઢોર ચરી ગયા

અમરોલી-ગોથાણ રોડ પર અંજની ફાટક પાસે ખેતરની ફેન્સિંગ તોડી ઢોર ઘુસાડનાર તબેલાના સંચાલકની ધરપકડ

સુરત: અમરોલી-ગોથાણ રોડ પર અંજની ફાટક નજીક આવેલા ખેતરમાં તારની ફેન્સિંગ વાડ તોડી ગેરકાયદે રીતે ઢોર ઘૂસાડી જુવારના ઊભા પાકને વ્યાપક નુકસાન પહોંચાડવાનો કિસ્સો સામે આવ્યો છે. રૂ.૪૦,૦૦૦નું નુકસાન પહોંચાડવા બદલ ખેડૂતની ફરિયાદના આધારે અમરોલી પોલીસે તબેલાનું કામ કરતાં શખ્સ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

સિંગણપોર વેડરોડ ખાતે આવેલ પ્રિઝમ હાઈટ્સમાં રહેતા અને મૂળ ભાવનગરના પીપળગામના વતની અરવિંદભાઈ મનજીભાઈ માંગુકીયા (ઉ.વ.૫૬) અંજની ફાટક નજીક કેનાલ પાસે આવેલી ૧ વીઘા જમીનમાં ખેતી કરે છે. તેમના ખેતરની સંભાળ રાખવા માટે તેમણે હિમતભાઈ ચુડાસમા નામના મજૂરને રાખ્યો છે. વિતેલા શનિવારે કોઈ ઈસમ ખેતરની તારની ફેન્સિંગ તોડી તેના ઢોર ઘૂસાડી ગયો છે અને ઢોર જુવારનો પાક ચરી રહ્યા હોવાની જાણ તેમને કરી હતી. બીજા દિવસે અરવિંદભાઈ ખેતરે પહોંચ્યા ત્યારે જુવારનો ઊભો પાક ઢોર ચરી જતાં આશરે રૂ.૪૦,૦૦૦નું ભારે નુકસાન થયું હોવાનું જણાયું હતું.

...અનુસંધાન પાના 13 પર

અંતિમ યાત્રા

સ્વ. સંજયભાઈ
મુળચંદદાસ નાયક
(ઉ.વર્ષ - ૪૭)
(ગામ - ઉમતા) (હાલ -સુરત)

દિલગીરી સાથ જણાવવાનું કે સ્વ. સંજયભાઈ મુળચંદદાસ નાયક તા. 20/07/2026, સોમવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પ્રભુ સદ્ગત દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના...
ઈશ્વર ઇચ્છા બળવાન છે.
-: અંતિમ યાત્રા:-
તા. 21/07/2026, મંગળવાર ના રોજ સવારે 9.00 કલાકે, અમારા નિવાસ સ્થાનેથી નિકળી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમી જશે.
નિવાસ સ્થાન : C/303, વાસ્તુ પૂજ્ય રેસીડેન્સી, રાજ કોર્નરની સામે, એલ.પી. સવાણી પાલ - અડાજણ, સુરત.
લિ. રમેશભાઈ મુળચંદદાસ નાયક (ભાઈ) - 98242 77792
ઝેનિથ સંજયભાઈ નાયક (પુત્ર) | હર્ષિત સંજયભાઈ નાયક (પુત્ર)
પવન રમેશભાઈ નાયક (ભત્રીજો) - 91065 31266
રોનક રમેશભાઈ નાયક (ભત્રીજો) - 8758188905

૭મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. રતીલાલ બાલુભાઈ પટેલ (મચવાવાળા)
સ્વ.તા: ૨૧-૦૭-૨૦૧૬

મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે, એટલે જ તો મરણ કરતાં સંસ્મરણ વધુ યાદગાર બને છે, જેમા આપની સ્મૃતિ એક વરદાન છે, તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. ગં.સ્વ. ચંપાબેન રતીલાલ પટેલ (પત્ની)
નરેશભાઈ રતીલાલ પટેલ (પુત્ર)
અંકિતાબેન નરેશભાઈ પટેલ(પુત્રવધુ)
હેમંતભાઈ રતીલાલ પટેલ (પુત્ર)
ખુશી, ભવ્ય, જશ
તથા સમસ્ત મચવાવાળા પરિવાર
સ્થળ : રૂંઢ-મગદલ્લા, પાદર સ્ટ્રીટ, સુરત.